Samagra Shiksha

# સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી પસંદગી માટેની જાહેરાત

સમગ્ર શિક્ષા અંતર્ગત સીઆરસી કો.ઓર્ડિનેટરની હાલ ખાલી રહેલ તમામ જગ્યાઓ તથા ભવિષ્યમાં ખાલી પડનાર તમામ જગ્યાઓ માટે પ્રતિક્ષાયાદી બનાવવા માટે જે તે જિલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/મહાનગરપાલિકા(મ્યુનિસિપલ કોર્પોરેશન)શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિધ્યાસહાયક/શિક્ષક પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન) હસ્તકની સરકારી પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક શાળામાં(ગણિત-વિજ્ઞાન વિષય શિક્ષક અને HTAT-મુખ્ય શિક્ષક સિવાય) વિધાસહાયક/શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા સંબંધિત તાલુકા/ઝોનના પ્રાથમિક શિક્ષક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ આ જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા માટેની શરૂઆતની તારીખે મહત્તમ ઉંમર ૫૦(પચાસ)વર્ષ તથા ત્રણ વર્ષનો સરકારી શાળાના શિક્ષક તરીકેનો પ્રત્યક્ષ રીતે વર્ગખંડમાં લાગુ પડતા ધોરણોમાં શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતા હોય અથવા બીઆરસી/યુઆરસી/સીઆરસીકો.ઓ.તરીકેનો અનુભવ ધરાવતા હોય તે શિક્ષક સીઆરસી કો.ઓર્ડિનેટર માટે અરજી કરી શકે છે.

અગાઉ પ્રતિનિયુકિતથી પરત ગયેલ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર માટે એક વર્ષનો કુલિંગ પિરિયડ નકકી કરેલ છે જેથી આવા બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર એક વર્ષ પૂર્ણ થયા બાદ ફરી અરજી કરી શકશે.એક વર્ષ ગણવાના કિસ્સામાં શિક્ષક તરીકે પરત થઇ શાળામાં હાજર થયેલ તારીખથી એક વર્ષ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ આ જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા માટેની શરુઆતની તારીખે ગણવાનું રહેશે.

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓનલાઇન (on line)અરજીઓ સ્વીકારવામાં આવશે.

આ પ્રતિનિયુકિત ૦૧(એક) વર્ષના પ્રોબેશન સહિત મહત્તમ ૩(ત્રણ)વર્ષ અને ત્યારબાદ કામગીરીની સમીક્ષા આધારે વધુમાં વધુ ૨(બે) વર્ષ પ્રતિનિયુકિત લંબાવી શકાશે. એટલે કે મહત્તમ પાંચ વર્ષ માટે પ્રતિનિયુકિતથી નિમણૂક આપી શકાશે.

ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરવા માટે **http://www.ssagujarat.org** વેબસાઇટ પર જઇ **Recruitment** પર કલીક કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરવા માટેની આવશ્યક લાયકાત, અરજી કરવાની રીત, ભરતીના નિયમો અને શરતોની સૂચના/માર્ગદર્શિકા અંગેનો પત્ર તથા પરિશિષ્ટ વેબસાઇટ પર મુકેલ છે. જેને વાંચીને તેમજ પૂર્ણ રીતે સમજીને અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન કરેલ અરજીની પ્રિન્ટ લઇ પોતાની પાસે રાખવાની રહેશે. પ્રમાણપત્ર ચકાસણી સમયે આ પ્રિન્ટ આઉટ તેમજ નિયત લાયકાતના અસલ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અને અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

ઓનલાઇન અરજી કરવા માટેનો સમયગાળો : તા. ૦૭ - જુલાઇ-૨૦૨૫ સોમવાર(સવારે ૧૧.૦૦ કલાકથી શરૂ)
તા.૧૭ - જુલાઇ-૨૦૨૫ ગુરૂવાર(રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)

**ખાસ નોંધ** : આ ભરતી માટેની લેખિત પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા સંભવિત ઓગષ્ટ-૨૦૨૫ માસમાં યોજવાનું આયોજન છે.

સહી/-
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર